પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

RNI NO:- 67073/97
વર્ષ:૨૫, અંક:૪૫, કુલ પાના:૪, તારીખ: ૧૪-૧૦-૨૦૨૧ ગુરૂવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 45 PRICE :-RS. 1.50 DATE : 14-10-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

### ચીન ડંફાસ મારવાનું ક્યારેય નહીં છોડે

# ભારત યુદ્ધ કરે તો પરાજિત જ થશે : ચીન

બેઈજિંગ,

ચીનની નજર ભારતની જમીન પચાવી પાડવાની છે, પરંતુ સૈન્ય વાટાઘાટોમાં ભારતે બતાવેલી મક્કમતાથી ચીન ધુંધવાયું છે. ભારત અને ચીનની સૈન્ય વાટાઘાટો નિષ્ફળ ગયાના બીજા દિવસે ચીનના સરકારી અખબાર ગ્લોબલ ટાઈમ્સ ભારતને લુખ્ખી ધમકી આપતું હોય તેમ એક લેખમાં કહ્યું કે, ભારતે એક વાત સ્પષ્ટ સમજી લેવી જોઈએ કે તેને જે પ્રકારની સરહદ જોઈએ છે તે તેને મળી શકે તેમ નથી. વધુમાં ભારત યુદ્ધ શરૂ કરશે તો નિશ્ચિતપણે તેણે પરાજયનો સામનો કરવો પડશે. અખબારે કહ્યું કે ગલવાન ઘાટીનો હિંસક સંઘર્ષ એ બાબતનો પુરાવો છે કે કોઈપણ દેશ તેની સંપ્રભૂતાનું રક્ષણ કરવામાંથી પીછે હઠ નહીં કરે. જો ભારત ચીનના દૃઢ સંકલ્પને ઓછો આંકતો હોય તો તેનાથી તેનો ચહેરો ખૂલ્લો પડી જશે. ભારત સરહદ પર લાંબા સમય સુધી તણાવપૂર્ણ સ્થિતિ જાળવી રાખશે તો ચીન પણ તેના માટે તૈયાર છે. ચીની પીપલ્સ લિબરેશન આર્મીના વેસ્ટર્ન



થિયેટર કમાન્ડે એક નિવેદનમાં જણાવ્યું છે કે ચીને સરહદની સ્થિતિને શાંત કરવા માટે જબરજસ્ત પ્રયત્નો કર્યા છે. ચીને કહ્યું કે ભારતે અનેક એવી માગો મૂકી છે, જે વાસ્તવિક નથી. આ કારણોથી વાતચીતમાં મુશ્કેલીઓ આવી રહી છે. પરંતુ ભારતે સતત કહ્યું છે કે ચીને સરહદ પર સ્થિતિ બદલવાનો પ્રયત્ન કર્યો હતો. ગલવાનમાં થયેલા હિંસક સંઘર્ષ પછી બંને દેશો વચ્ચે કોઈ હિંસક અથડામણ નથી થઈ, પરંતુ સરહદ પર લગભગ દોઢ વર્ષથી તણાવપૂર્ણ સ્થિતિ છે.

બીજીબાજુ ભારતમાં સંરક્ષણ ક્ષેત્રના નિષ્ણાતોનું માનવું છે કે આગામી દિવસોમાં ભારત અને ચીન વચ્ચેનો તણાવ વધુ ગંભીર બની શકે છે. દેશના અગ્રણી રણનીતિ વિશ્લેષક બ્રહ્મા ચેલાનીએ લખ્યું છે કે આખા હિંદ-પ્રશાંતમાં અત્યારે હિમાલયનું ક્ષેત્ર ખતરનાક બની ગયું છે. ચીન તરફથી સરહદમાં ઘૂસણખોરી કરવાના ૧૭ મહિના પછી ભારતની ધીરજ પણ ઘટી રહી છે, કારણ કે ચીન વાટાઘાટોના બહાને જમીન પર કબજો કરવા માગે છે.ચેલાનીએ પણ કહ્યું કે ભારતે પહેલી વખત ચીનની આક્રમકતાને યોગ્ય રીતે રજૂ કરી છે. ભારતના પૂર્વ વિદેશ સચિવ કંવલ સિબ્બલે કહ્યું કે વાટાઘાટોમાં અવરોધો સ્પષ્ટપણે જોવા મળી રહ્યા છે. વાતાવરણ ઘણું જ ખરાબ થઈ ગયું છે. ભારતે દલાઈ લામા અને તાઈવાન અંગે સમજી વિચારીને રણનીતિ સાથે આગળ વધવાની જરૂર છે. અન્ય નિષ્ણાતોએ પણ ચિંતા વ્યક્ત કરી છે કે આ વખતે શિયાળાની ઠંડીનું વાતાવરણ ભારત અને ચીનના સંબંધોની દૃષ્ટિએ ગયા વર્ષ કરતાં વધુ ઠંડુ રહી શકે છે. ચોર કોટવાળને ધમકાવે તેવું વલણ અપનાવતાં ગ્લોબલ ટાઈમ્સે ભારતને તકવાદી ગણાવ્યું છે. તેણે લખ્યું છે નવી દિલ્હીને લાગે છે કે ચીનને ભારતની જરૂર છે, કારણ કે બેઈજિંગ અને વોશિંગ્ટન વચ્ચેના સંબંધોમાં ઘટાડો થયો છે. એવામાં બેઈજિંગ સરહદ મુદ્દે તેનું વલણ નરમ કરી શકે છે, પરંતુ ભારતે એ સમજવાની જરૂર છે કે સરહદના મુદ્દા બધા દેશોના ગૌરવ સાથે જોડાયેલા હોય છે. અખબારે કહ્યું કે સરહદ વિવાદો સાથે જ ભારત હંમેશા અન્ય મુદ્દાઓ પર અયોગ્ય માગણીઓ કરે છે. ભારત સાથે સરહદ વિવાદ અંગે કોર કમાન્ડર સ્તરની ૧૩મા તબક્કાની વાટાઘાટો નિષ્ફળ ગયા પછી ચીન હવે ધાક-ધમકી પર ઉતરી આવ્યું છે. ચીની અખબારે તેની સરકારને ભારત સાથે ડીલ કરવા માટે બે સૂચન કર્યા છે. પહેલી વાત તો એ કે ભારત ગમે તેટલો પ્રયત્ન કરે, ચીની ક્ષેત્ર ચીનના જ છે અને અમે તે ક્યારેય નહીં છોડીએ. ધીરજ રાખવી બીજી વાત છે. બદલાતી પરિસ્થિતિને જોતાં ચીને દરેક પ્રકારના સૈન્ય સંઘર્ષ માટે તૈયાર રહેવું જોઈએ પરંતુ શાંતી જાળવી રાખવાનો પૂરો પ્રયત્ન કરવો જોઈએ.

# ડીઝલનો ભાવ વધવાથી ટ્રાન્સપોર્ટ ભાડા ૧૦ ટકા વધશે

સુરત,

આંતરરાષ્ટ્રીય ક્રૂડ સસ્તુ હતું ત્યારે પેટ્રોલ-ડીઝલ પર કેન્દ્ર સરકારે ડયુટીમાં ધરખમ વધારો કરી દીધા બાદ હવે ક્રૂડના ભાવ વધવા છતાં આ વધારાયેલ અસહ્ય બોજ કેન્દ્રએ નહીં હટાવતા મોંઘવારી લોકોના સુખચૈનને ભરખી જવા મોં ફાડી રહી છે. આ સિલસિલામાં ૧૮ દિવસથી એકધારા વધતા ડીઝલના ભાવ રૂપિયા ૧૦૦ને પાર થતા રાજકોટના ૭૦૦થી વધુ ટ્રાન્સપોર્ટરોએ સોમવારથી ટ્રાન્સપોર્ટ ભાડામાં ૧૦ ટકાનો વધારો કરવાનો નિર્ણય લીધો છે. દેશભરમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ ઘટવાનું નામ નથી લઈ રહ્યા અને પેટ્રોલનો ભાવ રૂપિયા



૧૦૦ને પાર ગયો છે. ત્યારે ટ્રાન્સપોર્ટ સેક્ટર તેની સૌથી મોટી અસર થઈ છે. હાલ પેટ્રોલ બાદ ડીઝલના ભાવ પણ રૂપિયા ૧૦૦ને પાર થતા તેની અસર દરેક ક્ષેત્રમાં જોવા મળી રહી છે. રાજકોટ ટ્રાન્સપોર્ટ એસોસિએશન દ્વારા ફરી એક વખત ટ્રાન્સપોર્ટના ભાવમાં ૧૦% વધારો કરવા નિર્ણય કર્યો છે જેની અમલવારી સોમવારથી શરૂ કરવામાં આવશે. અગાઉ થોડા સમય પહેલા પણ ટ્રાન્સપોર્ટ એસોસિએશન દ્વારા ૨૦% ભાવ વધારો કરવામાં આવ્યો હતો. ભાડામાં ભાવ વધારાને કારણે ખાદ્ય પદાર્થો, શાકભાજી, ફળફળાદી વધુ મોંઘાં બનશે. ટ્રાન્સપોર્ટ સૂત્રો અનુસાર મુંબઈ ટ્રક મોકલવાનું સરેરાશ ભાડુ ૨૮ હજાર છે જે વધીને ૩૧ હજાર થશે. જ્યારે બેંગ્લોરનું ભાડુ ૬૦ હજારથી વધી ૬૬ હજાર થશે. આંતરિક જિલ્લા હેરફેરમાં આઈસરમાં ૫૦૦૦ થી ૧૦,૦૦૦નું ભાડુ હોય છે તે પણ ૫૦૦ થી ૧૦૦૦ વધશે. એકંદરે રાજકોટથી મોકલાતા માલ પર રોજ ૨૦ થી ૩૦ લાખનો ભાડા ખર્ચ વધશે, આ બોજ શરુઆતમાં ઉદ્યોગકારો પર આવશે અને અંતે માલ ખરીદાર પર જ આવશે એ વાત નિશ્ચિત છે. અગાઉ કોરોના કાળમાં રૂપિયા ૬૪ લિટર લેખે મળતું ડીઝલ રૂપિયા ૮૦ ને પાર થતા ટ્રાન્સપોર્ટરોએ ૨૦ ટકા સુધી ભાડા વધાર્યા હતા, ત્યારબાદ ગત તા. ૨૫ સપ્ટેમ્બરે રૂપિયા ૯૪ માં મળતું ડીઝલ હવે ૧૦૦ ને પાર થતા અને આ ભાવવધારો હજુ અટકવાનું નામ લેતો નથી ત્યારે ટ્રાન્સપોર્ટરો વધુ ૧૦ ટકા ભાડા વધારશે. રાજકોટમાં આશરે ૭૦૦ ટ્રાન્સપોર્ટરો છે. જેમાં ૪૦૦ ટ્રાન્સપોર્ટરો ગુજરાતના બીજા જિલ્લાઓમાં અને દેશના અન્ય રાજ્યોમાં રોજ આશરે ૧૨૦૦ થી ૧૫૦૦ ટ્રક એટલે કે ૧૫ હજાર ટન સુધીનો માલ મોકલતા હોય છે અને સામે કાચો માલ આવતો હોય છે.

### કીમ જોંગની અમેરિકાને ખુલ્લી ધમકી

# અમે અદ્રશ્ય આર્મી ઉતારીશું : કીમ જોંગ

સિઓલ,

ઉત્તર કોરિયાની સરકાર દ્વારા આ પ્રદર્શનના ફોટા જાહેર કરાયા હતા જેમાં કાળા સૂટમાં સજ્જ કિમ જોંગ લાલ જાજમ ઉપર ચાલતા જોઈ શકાય છે અને તેમની બંને બાજુએ વિશાળ કદની મિસાઈલોથી સજ્જ મોટી મોટી ટ્રકો અને ઠેર ઠેર એકસાથે સંખ્યાબંધ મિસાઈલ દાગી શકાય એવી મલ્ટિપલ રોકેટ લોન્ચિંગ સિસ્ટમ સાથેની ટ્રકો પણ ઉભેલી જોઈ શકાતી હતી. આ પ્રદર્શનમાં ઉત્તર કોરિયા દ્વારા વિકસાવવામાં આવેલા અત્યંત આધુનિક શસ્ત્રોનું પણ જાહેરમાં પ્રદર્શન કરાયું હતું જેમા આંતરખંડિય



બેલાસ્ટિક મિસાઈલોનો પણ સમાવેશ થતો હતો. સિઓલ અને વોશિંગટન વચ્ચે મતભેદોની તિરાડને વધુ પહોળી કરવાના સ્પષ્ટ અને સતત પ્રયાસ તરીકે કિમ જોંગે સોમવારે શસ્ત્રોના પ્રદર્શનની મુલાકાત સમયે આપેલા પ્રવચનમાં કહ્યું હતું કે તેની લશ્કરી તાકાતના નિશાન ઉપર દક્ષિણ કોરિયા છે જ નહીં, અને હવે કોરિયાના લોકો વચ્ચે વધુ કોઈ યુદ્ધ હોઈ શકે નહીં. અમેરિકાને કોરિયાના દ્વિપકલ્પ ઉપર અસ્થિરતા પેદા કરનારૂં સૌથી મોટું સ્રોત ગણાવતા કિમ જોંગે કહ્યું હતું કે તેમના દેશની સૌથી મોટી મહત્વકાંક્ષા એવી રહી છે કે તેની પાસે એક અદૃશ્ય લશ્કરીદળ હોય જેને કોઈ પડકાર ફેંકી શકે નહીં. ઉત્તર કોરિયાની સત્તાધારી કોમ્યુનિસ્ટ પાર્ટીની ૭૬મી વર્ષગાંઠ નિમિત્તે યોજાયેનું શસ્ત્ર પ્રદર્શન ૨૦૧૧માં કિમ જોંગે સત્તાના સૂત્રો સંભાળ્યા ત્યારથી આજદિન સુધીનું પ્રથમ પ્રદર્શન હતું. અમેરિકાએ અવાર-નવાર એમ કહ્યું છે કે તે અમારી સાથે દુશ્મનાવટ નથી રાખતું, પરંતુ તેની તે વાતને પૂરવાર કરતાં પૂરાવા અત્યાર સુધી જોવા મળ્યા નથી. અમેરિકા કાયમ માટે તેના ખોટા નિર્ણયો અને ખોટાં પગલાં દ્વારા કોરિયાઈ પ્રદેશમાં સતત તંગદીલીનું વાતારણ ઉભું કરતું આવ્યું છે. અમેરિકાની મુખ્ય ધરતી ઉપર જ ત્રાટકી શકે એવા હેતુથી વિકસાવાયેલી અત્યંત શક્તિશાળી પરમાણુ મિસાઈલનું નિરિક્ષણ કર્યા બાદ ઉત્તર કોરિયાના તાનાશાહ કિમ જોંગ ઉને અમેરિકાને ખુલ્લેઆમ ધમકી આપી હતી કે તેની સામે ઉત્તર કોરિયા એક અદૃશ્ય અર્મીને મેદાને જંગમાં ઉતારશે.

### CNG - PNG ફરી થયા મોંઘા

# ૮ મહિનામાં ૫ વખત વધ્યા ગેસના ભાવ

નવી દિલ્હી,

ગત વર્ષે ૪ ઓક્ટોબરના રોજ સીએનજી અને પીએનજીની કિંમતો વધી હતી. તે સમયે રાજધાની દિલ્હીમાં સીએનજીની કિંમત વધીને ૪૨.૭૦ રૂપિયા પ્રતિ કિલો અને પીએનજીની કિંમત ૨૭.૫૦ રૂપિયા પ્રતિ એસસીએમ થઈ ગઈ હતી. દિલ્હી-એનસીઆરમાં મોટા ભાગની ગાડીઓ બસ, ટેક્સી અને ઓટો સીએનજી પર ચાલે છે. આઈજીએલના મતે પેટ્રોલ-ડીઝલની તુલનાએ સીએનજી ખૂબ સસ્તું છે. સીએનજીથી ચાલતી ગાડીઓની ઓપરેશનલ કોસ્ટ પેટ્રોલની તુલનાએ ૬૬ ટકા અને ડીઝલની તુલનાએ ૨૮ ટકા ઓછી હોય છે. ઈન્દ્રપ્રસ્થ ગેસ લિમિટેડના અહેવાલ પ્રમાણે સીએનજી અને પીએનજી ૨ રૂપિયા કરતા વધારે મોંઘા થયા છે. રાજધાની દિલ્હીમાં આજથી સીએનજી ૪૯.૭૬ રૂપિયે પ્રતિ કિલો અને પીએનજી ૩૫.૧૧ રૂપિયે પ્રતિ એસસીએમની કિંમતે મળશે. જ્યારે નોએડા, ગ્રેટર નોએડા અને ગાઝિયાબાદમાં સીએનજી ૫૬.૦૨ રૂપિયે પ્રતિ કિલો અને ગુરૂગ્રામમાં ૫૮.૨૦ રૂપિયે પ્રતિ કિલોના હિસાબથી મળશે. જ્યારે પીએનજીની વાત કરીએ તો નોએડા, ગ્રેટર નોએડા અને ગાઝિયાબાદમાં પર્તિ એસસીએમની કિંમત ૩૪.૮૬ રૂપિયા અને ગુરૂગ્રામમાં ૩૩.૩૧ રૂપિયા રહેશે. ઈન્દ્રપ્રસ્થ ગેસ લિમિટેડ દ્વારા ફરી એક વખત સીએનજી અને પીએનજીના ભાવ વધારવામાં આવ્યા છે. ૧૦ દિવસમાં બીજી વખત ગેસના ભાવ વધારવામાં આવ્યા છે અને આજથી એટલે કે, ૧૩મી ઓક્ટોબરથી નવી કિંમતો લાગુ થઈ રહી છે. અગાઉ ૨ ઓક્ટોબરના રોજ પણ કિંમતોમાં વધારો કરવામાં આવ્યો હતો. જ્યારે આ વર્ષે ટોટલ ૫મી વખત સીએનજી અને પીએનજીની કિંમતો વધારવામાં આવી છે.

# અમદાવાદ શહેરમાં ડેન્ગ્યુ અને ચિકનગુનિયા કેસ વધ્યા

અમદાવાદ,

અમદાવાદમાં મચ્છરજન્ય રોગચાળાના કેસ વધી રહ્યા છે.જેના આંકડાઓ એક પછી એક સામે આવી રહ્યા છે.ચાલુ માસ દરમિયાન પણ ૧૦ દિવસમાં મચ્છરજન્ય રોગચાળામાં વધારો નોંધાયો છે.ઓક્ટોબર મહિનામાં સાદા મેલેરિયાના ૨૭ કેસ તો ઝેરી મેલેરિયાના ૫ કેસ નોંધ્યા છે.ડેન્ગ્યુના કેસમાં પણ નોંધપાત્ર વધારો યથાવત છે.૯ દિવસમાં ડેન્ગ્યુના ૧૭૦ કેસ અને ચિકનગુનિયાના ૬૯ કેસ નોંધાયા છે.

જ્યારે વર્ષ ૨૦૨૧માં દસ મહિનામાં ડેન્ગ્યુના ૧૮૨૦ કેસ અને ચિકનગુનિયાના ૯૧૪ કેસ નોંધાયા છે.વર્ષ ૨૦૨૧ના માત્ર ઓક્ટોબર માસ દરમિયાન જ સાદા મેલેરિયાના ૭૬૯ કેસ નોંધાયા છે.

અમદાવાદમાં વકરતા રોગચાળાને લઈને કોર્પોરેશન એક્શન મોડમાં આવ્યું છે.ડેન્ગ્યુ, મેલેરિયા અને ચિકનગુનિયાના કેસોને કાબૂમાં લાવવા સઘન સફાઈ કરવા આદેશ આપવામાં આવ્યા છે.પાણી ભરાતા હોય તેવી જગ્યાએ, ભંગાર અને ટાયરની દુકાનોમાં ચેકિંગ હાથ ધરવામાં આવશે.

આ ઉપરાંત દરેક વોર્ડમાં દરરોજ પાણીના બે સેમ્પલ લેવા સૂચના અપાઈ છે. આ ઉપરાંત હેલ્થ કમિટીની બેઠકમાં રાત્રિ સફાઈ ન થતી હોવાની ફરિયાદ ઉઠી છે, ત્યારે રાત્રિ સફાઈ શરૂ કરવા સૂચના આપવામાં આવી છે.

# PMએ લોન્ચ કરી ૧૦૦ લાખ કરોડની ગતિ શક્તિ યોજના



નવી દિલ્હી,

દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટેની આ યોજના માટે ૧૦૦ લાખ કરોડ રૂપિયાનુ બજેટ ફાળવવામાં આવશે અને તેના થકી લાખો યુવાઓને રોજગાર મળશે. દેશમાં રોજગારીની તકો ઉભી કરવા માટે પીએમ મોદીએ ૧૫ ઓગસ્ટે લાલ કિલ્લાથી એલાન કર્યુ હતુ કે, દેશમાં ગતિ શક્તિ યોજનાનો પ્રારંભ કરવામાં આવશે.આ યોજના એક રીતે દેશના ઈન્ફ્રાસ્ટ્રકચરને ડેવલપ કરવા માટેનો માસ્ટર પ્લાન હશે. હાલમાં અલગ અલગ વિભાગો વચ્ચે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટને લઈને સંકલન નથી. આ પ્રકારના અવરોધ આ યોજના હેઠળ દુર કરવામાં આવશે. આ યોજનાના ભાગરૂપે ૧૬ મિનિસ્ટ્રીનુ એક ગ્રૂપ બનાવવામાં આવ્યુ છે. જેમાં રેલવે, સડક પરિવહન, જહાજ, આઈટી, ટેક્સટાઈલ પેટ્રોલિયમ, ઉર્જા, નાગરિક ઉડ્ડયન જેવા મંત્રાલયો સામેલ છે. આ મંત્રાલયો હેઠળ જે પ્રોજેક્ટ ચાલી રહ્યા છે અથવા તો જે પ્રોજેક્ટને ૨૦૨૫ સુધીમાં પૂરા કરવાના છે તેમને હવે ગતિ શક્તિ યોજના હેઠળ મુકવામાં આવ્યા છે. કોઈ નવી જરૂરીયાત ઉભી થાય અથવા તો પ્લાનમાં કોઈ બદલાવ કરવાની જરૂર ઉભી થાય તો તેને કેબિનેટ સચિવની અધ્યક્ષતાવાળી કમિટી મંજૂરી આપશે. યોજના પર નજર રાખવા માટે સરકારે વિવિધ એજન્સીઓની મદદથી એક ખાસ પ્લેટફોર્મ ડેવલપ કર્યુ છે. ઉપરાંત એક નોડલ મંત્રાલય પણ બનાવ્યુ છે. જે આ તમામ પ્રોજેક્ટ પર ચાલી રહેલા કામનો રિવ્યૂ કરવા માટે નિયમિત રીતે બેઠક કરશે.

# કોંગ્રેસના આગેવાન રાહુલ ગાંધીના નેતૃત્વ હેઠળ પ્રતિનિધિ મંડળ રાષ્ટ્રપતિને મળ્યું

નવી દિલ્હી,

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ સાથે મુલાકાત બાદ રાહુલ ગાંધીએ કહ્યુ હતુ કે, અમે રાષ્ટ્રપતિને અપીલ કરી છે કે, આરોપીના પિતા રાજ્ય કક્ષાના ગૃહ મંત્રી છે અને તેમને આ પદ પરથી હટાવી દેવા જોઈએ. તેઓ મંત્રી તરીકે ચાલુ રહેશે તો આ મામલાની નિષ્પક્ષ તપાસ થવી શક્ય નથી. અમે સુપ્રીમ કોર્ટના બે જજો દ્વારા પણ મામલાની તપાસ કરાવવા માટે માંગ કરી છે. લખીમપુરમાં થયેલી હિંસાને લઈને આજે કોંગ્રેસના આગેવાન રાહુલ ગાંધીના નેતૃત્વ હેઠળ એક પ્રતિનિધિ મંડળ રાષ્ટ્રપતિને મળ્યુ હતુ અને આવેદનપત્ર આપ્યુ હતુ.આ પ્રતિનિધિ મંડળમાં રાહુલ ગાંધીની સાથે રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે, વરિષ્ઠ નેતા એ કે એન્ટની, ગુલામ નબી આઝાદ, લોકસભામાં કોંગ્રેસ પાર્ટીના નેતા અધીર રંજન ચૌધરી, પાર્ટી મહસચિવ પ્રિયંકા ગાંધી પણ સામેલ હતા. કોંગ્રેસે આ પહેલા ૧૦ ઓક્ટોરે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ પાસે મુલાકાતનો સમય માંગ્યો હતો. એ પછી રાષ્ટ્રપતિએ આ પ્રતિનિધિમંડળને મળવા માટે આજે સમય આપ્યો હતો.આ પહેલા કોંગ્રેસના આગેવાન રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી હિંસામાં માર્યા ગયેલા લોકોના પરિવારને પણ મળી ચુકયા છે. બીજી તરફ ભાજપે કોંગ્રેસને વળતો જવાબ આપતા કહ્યુ છે કે, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી પોતાને દલિતોના અધિકારોના રખેવાળ તરીકે રજૂ કરે છે પણ રાજસ્થાનમાં એક યુવા દલિતની કરાયેલી હત્યાની તપાસ પણ કરવામાં આવી નથી અને ત્યાં તેઓ એક શબ્દ બોલ્યા નથી.

# ડ્રાઈવિંગ લાઈસન્સ, RC અને ગાડીઓની પરમિટ માટે માત્ર ૧૭ દિવસનો સમય

નવી દિલ્હી,

કોરોનાના કારણે અત્યાર સુધીમાં ડ્રાઈવિંગ લાઈસન્સ, આરસી, ફિટનેસ સર્ટિફિકેટ જેવા કાગળની વેલિડિટીમાં ૭ વખત વધારો કરવામાં આવેલો છે. મંત્રાલયે ૩૦ માર્ચ ૨૦૨૦, ૯ જૂન ૨૦૨૦, ૨૪ ઓગષ્ટ ૨૦૨૦, ૨૭ ડિસેમ્બર ૨૦૨૦, ૨૬ માર્ચ ૨૦૨૧, ૧૭ જૂન ૨૦૨૧ અને અંતિમ વખત ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ વેલિડિટી લંબાવવામાં આવી હતી. કેન્દ્ર સરકારના પરિવહન મંત્રાલયે આ ડેડલાઈનને ૩૧મી ઓક્ટોબર સુધી લંબાવી હતી. મતલબ કે જો તમે ૩૧મી ઓક્ટોબર બાદ અધૂરા દસ્તાવેજો સાથે ગાડી ચલાવતા પકડાશો તો દંડ ભરવો પડશે. કોરોના મહામારીના કારણે સરકારે ડ્રાઈવિંગ લાઈસન્સ અને રજિસ્ટ્રેશન કાર્ડ સહિતના જરૂરી દસ્તાવેજોના રિન્યુઅલમાં છૂટ આપી હતી. પરંતુ હવે તે છૂટને દૂર કરવામાં આવશે. પરિવહન મંત્રાલય દ્વારા આ મુદ્દે આદેશ આપી દેવામાં આવ્યો છે. આદેશ પ્રમાણે ૩૧મી ઓક્ટોબર બાદ કોઈ જ છૂટ નહીં આપવામાં આવે. જો તમારૂં લાઈસન્સ કે આરસી બુક ૧ ફેબ્રુઆરી, ૨૦૨૦ના પહેલા એક્સપાયર થઈ ગયા હશે તો તેને હજુ સુધી વેલિડ માનવામાં આવતું હતું પરંતુ ૩૧ ઓક્ટોબર, ૨૦૨૧ બાદ તેને એક્સપાયર માનવામાં આવશે. આ ડેડલાઈનને હવે આગળ નહીં વધારવામાં આવે. મતલબ કે જેને જરૂર હોય તેના પાસે ડ્રાઈવિંગ લાઈસન્સ, આરસી અને ગાડીઓની પરમિટ રિન્યુ કરાવવા માટે હવે ૧૭ દિવસનો સમય જ બચ્યો છે.

# આતંકવાદ-કટ્ટરવાદનો સ્રોત બનતાં રોકવું પડશે : મોદીએ અફઘાનને કહ્યું

નવી દિલ્હી,

વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે અફઘાનિસ્તાનમાં ઈચ્છિત પરિવર્તન લાવવા માટે એકીકૃત આંતરરાષ્ટ્રીય પ્રતિક્રિયા તૈયાર કરવાની જરૂર છે. આ સિવાય અફઘાનિસ્તાનમાં સ્થિતિમાં ઈચ્છિત પરિવર્તન લાવવું મુશ્કેલ છે. અફઘાનિસ્તાનના સમાવેશક વહીવટી તંત્રમાં મહિલાઓ અને લઘુમતીઓનો પણ સમાવેશ થવો જોઈએ. અફઘાનિસ્તાનમાં છેલ્લા ૨૦ વર્ષમાં આંતરરાષ્ટ્રીય સમાજે હાંસલ કરેલો સામાજિક-આર્થિક વિકાસ જાળવી રાખવા અને કટ્ટરવાદી વિચારસણરીને દૂર કરવા માટે રાજકીય સ્તરે ઉકેલ લાવવો જોઈએ. જી-૨૦ની આ વિશેષ



બેઠક અફઘાનિસ્તાન મુદે યોજાઈ હતી. જી-૨૦ દેશોના શિખર સંમેલનનું આયોજન ઈટાલીથી કરાયું હતું. વડાપ્રધાન મોદીએ અફઘાનિસ્તાનમાં સંયુક્ત રાષ્ટ્રની મહત્વપૂર્ણ ભૂમિકાનું પણ સમર્થન કર્યુ હતું. જી-૨૦ સંમેલનમાં પીએમ મોદીએ કહ્યું કે છેલ્લા બે દાયકામાં અફઘાનિસ્તાનના સર્વાંગી વિકાસમાં ભારતે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. અફઘાનિસ્તાનની સામાજિક અને આર્થિક દશાને બદલવા માટે ૫૦૦થી વધુ પ્રોજેક્ટને ભારતે મદદ પૂરી પાડી છે. તેનાથી ત્યાંના યુવાનો અને મહિલાઓની સ્થિતિમાં નોંધપાત્ર સુધારો પણ થયો હતો. આ પ્રયાસોથી ભારત અને અફઘાનિસ્તાનના લોકો વચ્ચે એક વિશેષ મિત્રતાની ભાવના બની. એવામાં હજી પણ ત્યાં જે રીતે માનવીય આપત્તિ અને ભૂખમરાની સ્થિતિ છે તેનાથી આખું ભારત દુઃખી છે. તેમણે આંતરરાષ્ટ્રીય સમાજને આ સંકટમાં અફઘાનિસ્તાનના જરૂરિયાતમંદ લોકો સાથે ઊભા રહેવા વિનંતી કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે અફઘાનિસ્તાન મુદ્દે જી-૨૦ શિખર સંમેલનમાં ભાગ લીધો હતો. જી-૨૦ દેશોની વર્ચ્યુઅલ બેઠકમાં ભાગ લેતા વડાપ્રધાન મોદીએ અફઘાન ક્ષેત્રને કટ્ટરવાદ અને આતંકવાદનો સ્રોત બનતું રોકવા પર ભાર મૂક્યો હતો. સાથે તેમણે અફઘાન નાગરિકોને તાત્કાલિક અને કોઈપણ અવરોધ વિના માનવીય સહાય તથા સમાવેશી સરકાર બનાવવાનું આહ્વાન કર્યું હતું.



દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ શહેરમાં રાત્રી ગરબાની રંગત જામી ખેલૈયા મનમૂકી ગરબે ઝુમ્યા

દાહોદ,
ગુજરાતીઓના પસંદગીના પર્વ નવરાત્રિની શરૂઆત થઇ ગઈ છે અને પહેલાં જ દિવસથી લોકોમાં ખૂબ જ ઉમંગ અને ઉત્સાહ જોવા મળી રહ્યા છે. કોરોના વાયરસના રોગચાળાને કારણે ગરબાનું આયોજન થતું ન હતું, જયારે આ વર્ષે રાજ્ય સરકારે કેટલાંક નિયમો સાથે શેરી ગરબાના આયોજનને મંજૂરી આપી છે. એવામાં લોકો પણ નવરાત્રિના પહેલા જ દિવસથી ખૂબ જ ઉત્સાહમાં આવી ગયા છે અને દોઢિયા અને દાંડિયા રમતા દેખાયાં હતાં.

આ વર્ષે સરકાર દ્વારા કેટલીક છૂટછાટ સાથે શેરી ગરબાને મંજૂરી આપવામાં આવી છે જેના કારણે ખેલૈયાઓ પણ મોજમાં છે. ચાલુ વર્ષે પાર્ટી પ્લોટમાં ગરબાને મંજૂરી નથી મળી જેના કારણે ગરબાના મોટા કાર્યક્રમો માટે હજુ રાહ જોવી પડશે પરંતુ શેરી ગરબાની રોનક પણ અલગ જ હોય છે. શેરી ગરબામાં પણ ઘણા લોકો મન મૂકીને ઝુમતા હોય છે. ત્યાં આયોજનો પણ સરસ થતા હોય છે. છેલ્લા બે વર્ષથી કોરોનાના કારણે સ્ટેજ ઉપર ગરબા કલાકારો પણ નહોતોએ જઈ શક્યાં પરંતુ નગરના વિવિધ વિસ્તારો તેમજ શેરીઓમાં જેમ કે માં પાર્વતિ નગર, હનુમાન બજાર, દેસાઈ વાડ, સોની વાડ, કાલીકા મંદિર, ગોધરા રોડ અને ચંદન ચાલ સહિત સોસાયટીઓમાં માતાજીની પ્રતિમા સાથે પંડાલોમા રંગ બે રંગી રોશની કરવામાં આવી હતી. યોજાયેલા ગરબા ખેલૈયાઓ બે વર્ષ બાદ મન મુકીને ગરબે ઘૂમ્યાં હતાં પુનઃ શેરી ગરબાઓનું મહત્વ વધ્યું હતું. નવરાત્રીના પ્રથમ દિવસ થી વિવિધ સોસાયટીઓ તેમજ શેરીઓ માં ગત મોડી રાતના ગરબાનીરમઝટ જામી હતી.

મોટા ગરબા માટેની પરમિશન નહીં આપવામાં આવતાં કેટલાંક શેરીઓમાં તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં સ્પીકર પર ગરબા વગાળીને લોકો ગરબે ઘૂમ્યા હતા. રાત્રીના ૧૨ વાગ્યા સુધીની તંત્ર તરફથી સમય મર્યાદા આપવામાં આવી છે. ત્યારે પહેલા નોરતે મર્યાદિત સંખ્યામાંલોકોએ માતાજીની આરતીઓમાં ભાગ લઈ પરંપરાગત ગરબે ઘૂમ્યાં હતાં. શેરી ગરબાની પરવાનગી આપ્યાં બાદ વર્ષો બાદ જાણે શેરીગરબાઓની રોનક પાછી ફરી હોય તેવા દ્રશ્યો સામે આવ્યા હતા. સાથે સાથે માઈમંદિરોમાં દર્શનાર્થે ભક્તોનો ભારે ધસારો જોવા મળ્યોહતો નવરાત્રી પર્વને નિહાળવા મોટી સંખ્યામાં ઉત્સુકોની ભીડ પણ જોવા મળી હતી. ગરબાનું આયોજન થતા વાતાવરણ ભક્તિમય બન્યું હતું. પરિવારજનો ને અગાઉ કોમર્શિયલ મોટા ગરબાઓને કારણે બાળકોની ચિંતા સતાવતી હતી ત્યારે હવે ઘર આંગણે ગરબા યોજાતાપરિવારજનો નિર્ભય બન્યાં છે. લોકોએ રાજ્ય સરકારના નિર્ણયને બિરદાવતા હોવાની ચર્ચા થવા પામી હતી. દાહોદ શહેરની સાથે ગામોમાં પણ ખેલૈયાઓ ગરબે ઘૂમ્યાં હતાં.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

નગરાળા ચંદ્રકાંતાબેન જી. ધાનકા સાયન્સ કોલેજમાં આજે "નવરાત્રીનું" આયોજન કરાતા ગુર્જર ભારતી ટ્રસ્ટના ટ્રસ્ટી ચંદ્રકાંતાબેન જી. ધાનકા તથા કોલેજના આચાર્ય નિશીથ જે. મોઢિયા, કોલેજના અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. તમામ વિદ્યાર્થીઓમાં માં અંબાના પાવન પર્વના અવસરે અને ગુજરાતની અસ્મિતા સમાન રાસ ગરબાની રમઝટ કરી હતી.

# દે.બારીયાના પીપલોદ ગામે થયેલ ચોરી લુંટના ગુનામાં સંડોવાયેલ ગેંગના બે ઈસમોને ૪.૦૪ લાખની સાથે ઝડપ્યા

દાહોદ,
દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના પીપલોદ નગરમાં થોડા દિવસો અગાઉ ભાજપના અગ્રણી અને એક પ્રખ્યાત હોટલના માલિકને ત્યાં લુંટારૂંઓએ રાત્રીના સમયે લુંટ ચલાવી રોકડા રૂપીયા, સોના – ચાંદીના દાગીના વિગેરે મળી કુલ રૂા.૩૧,૬૨,૦૦૦ની મત્તાની સનસનાટી ભરી લુંટ ચલાવી લુંટારૂંઓ નાસી જતાં પંથકમાં સહિત દાહોદ જિલ્લામાં ખળભળાટ સાથે ચકચાર મચી જવા પામી હતી. આ બનાવમાં તપાસમાં ધમધમાટ આરંભ કરતાં દાહોદ એલ.સી.બી. પોલીસે લુંટમાં સામેલ ગેંગના ૦૨ સાગરીતો (લુંટારૂં) ઓને રૂા. ૪,૦૪,૨૫૨ની રોકડ રકમ સાથે ઝડપી પાડી ગુન્હાનો ભેદ ઉકેલવામાં સફળતા પ્રાપ્ત કરેલ છે. આ ગુન્હામાં સંડોવાયેલ અન્ય લુંટારૂંઓને પણ ઝડપી પાડવાના ચક્રો પોલીસે ગતિમાન કર્યાં છે.

ગત તા.૨૯.૦૯.૨૦૨૧ના રોજ પીપલોદ પંચેલા ગામે પીઠા વિસ્તારમાં રહેતાં અને ઘનશ્યામ હોટલના માલિક અને ભાજપા પાર્ટીના અગ્રણી એવા ભરતભાઈ રણછોડભાઈ ભરવાડના રહેણાંક મકાનમાં સાત જેટલા અજાણ્યા ચોર ઈસમોએ મારક હથિયારો જેવા કે, લોખંડની કોશ, લાકડીઓ વિગેરે જેવા મારક હથિયારો સાથે ધાડ લુંટ કરી હતી અને ભરતભાઈ સહિત તેમના પરિવારજનોને બાનમાં લઈ ઘરમાંથી રોકડા રૂપીયા, સોના – ચાંદીના દાગીના મળી કુલ રૂા.૩૧,૬૨,૦૦૦ નો મુદ્દામાલની લુંટ કરી લુંટારૂંઓ ફરાર થઈ ગયાં હતાં. ઘટનાને પગલે ભારતીય જનતા પાર્ટી સહિત દાહોદ જિલ્લાવાસીઓમાં ખળભળાટ સાથે ચકચાર મચી જવા પામી હતી અને ઘટનાને પગલે સ્થાનીક પોલીસ સહિત એલ.સી.બી. પોલીસે ગુન્હાનો ભેદ ઉકેલવા ધમપછાડાઓ આરંભ કર્યાં હતાં. કેમેરાના સીસીટીવી ફુટેજ સહિતની સામગ્રી એકઠી કરી પોલીસે લુંટારૂંઓને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યાં હતાં અને ટેકનીકલ સોર્સના માધ્યમોથી જાણવા મળ્યાં અનુસાર, આ લુંટમાં ખજુરીયા ગેંગના સાગરીતો દ્વારા આ લુંટને અંજામ આપ્યો હોવાનું પોલીસને જાણવા મળતાં આજરોજ મળેલ બાતમીના આધારે દાહોદ એલ.સી.બી. પોલીસે જુદી જુદી ટીમો બનાવી દાહોદ જિલ્લામાં આ ગેંગના ગુન્હેગારોને ઝડપી પાડવા ચક્રોગતિમાન કરતાં આ લુંટમાં સામેલ લુંટારૂં પૈકી જવસીંગભાઈ ઉર્ફે જવો ધારકભાઈ પલાસ (રહે. આમલી ખજુરીયા, નિનામા ફળિયું, ગરબાડા, જિ.દાહોદ અને દિલીપભાઈ રૂપલાબાઈ બારીયા (રહે. ઝાબુ, પટેલીયા ફળિયું, તા. ધાનપુર, જિ.દાહોદ) આ બંન્ને જણાને પોલીસે ઝડપી પાડી સઘન પુછપરછ કરતાં આ લુંટને પોતાની ગેંગના સાગરીતો સાથે મળી અંજામ આપ્યો હોવાનું ઝડપાયેલ લુંટારૂંએ કબુલાત કરી હતી.

પોલીસે ઉપરોક્ત ઝડપાયેલ બે લુંટારૂં પાસેથી રોકડા રૂપીયા ૪,૦૪,૨૮૨ની રોકડ રકમ કબજે કરી હતી. ઝડપાયેલ લુંટારૂંઓના જણાવ્યાં અનુસાર, ભરતભાઈના ઘરની રેકી કરી માહિતી એકઠી કરી હતી અને ખજુરીયા, કાટું, ઝાબુ ગામના ગેંગના સાગરીતો સાથે પીપેરો ગામે ભેગા થયાં હતાં અને કાવતરૂં રચી જેમાંથી બે લુંટારૂં મોરબી ખાતેથી ધાડના ગુનાને અંજામ આપવા માટે બોલાવ્યાં હતાં અને બે આરોપીઓ ક્રુઝર ગાડી લઈ આવ્યાં હતાં અને લુંટને અંજામ આપી ક્રુઝર ગાડીમાં તમામ લુંટારૂંઓ બેસી ફરાર થઈ ગયાં હતાં.

આ ગુન્હાને અંજામ આપનાર ૦૯ સાગરીતો અગાઉ ઘરફોડ ચોકી, લુંટ ધાડના ગુન્હાઓમાં પકડાય ચુક્યાં હતાં અને જેઓ જામીન પર મુક્ત થયાં બાદ ફરી ધાડ લુંટની પ્રવૃતિઓમાં સક્રિય થયાં હતાં. આ લુંટારૂંઓ લુંટ દરમ્યાન જીવલેણ હુમલો કરવાની પણ આદત ધરાવે છે.

ઝડપાયેલ આરોપી પૈકી જવસીંગભાઈ અગાઉ જુનાગઢ જિલ્લાના માળીયા હાટીના તેમજ માણાવદર, રાજકોટ ગ્રામ્ય, ઉપલેટા, દેવભુમી દ્વારકા, ભાણવટ, મોરબી જિલ્લાના વાંકાનેર, રાજકોટ શહેર, જામનગર જિલ્લાના કાલાવડના ઘરફોડ ચોરીના ગુન્હામાં પકડાયેલ ચુકેલ છે. આરોપી દિલીપભાઈ અગાઉ ભરૂચ જિલ્લાના નબીપુર, વડોદરા જિલ્લાના સાવલી વિસ્તારમાં તેમજ દાહોદ જિલ્લાના જેસાવાડા વિસ્તારમાં ઘરફોડ ચોરીના ગુન્હામાં પકડાયેલ છે.

# દાહોદ જિલ્લામાં કોરોના મહામારીની વર્તમાન સ્થિતિ જોતા કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીએ નિયંત્રણોમાં છૂટ આપી

દાહોદ,
દાહોદ જિલ્લામાં કોરોના મહામારીની વર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખીને કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીએ એક જાહેરનામાં દ્વારા કેટલાંક નિયંત્રણોમાં છૂટછાટ આપી છે. આ જાહેરનામું તા. ૧૧ ઓક્ટોબરથી આગામી તા. ૧૦ નવેમ્બર સુધી અમલમાં રહેશે.

જાહેરનામા મુજબ તમામ દુકાનો, વાણિજયક સંસ્થાઓ, લારી–ગલ્લાઓ, શોપિંગ કોમ્પલેક્સ, માર્કેટિંગ યાર્ડ, હેર કટીંગ સલૂન, બ્યુટી પાર્લર, રેસ્ટોરન્ટસ, અઠવાડિક ગુજરી–બજાર–હાટ તેમજ અન્ય વ્યાપરિક ગતિવિધિઓ ચાલુ રાખી શકાશે. જીમ ૭૫ ટકા ક્ષમતા સાથે ચાલુ રાખી શકાશે. જાહેર બાગબગીચા રાત્રીના ૧૦ કલાક સુધી ખુલ્લા રાખી શકાશે.

લગ્ન માટે ખુલ્લા અથવા બંધ સ્થળોએ મહત્તમ ૪૦૦ વ્યક્તિઓની મંજૂરી રહેશે. જે માટે ડિજિટલ ગુજરાત પોર્ટલ પર નોંધણી કરાવવાની રહેશે. જયારે અંતિમક્રિયા–દફનવિધી માટે મહત્તમ ૧૦૦ વ્યકિતની મંજૂરી રહેશે. તમામ પ્રકારના સામાજિક–રાજકીય–શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક કાર્યક્રમોમાં મહત્તમ ૪૦૦ વ્યક્તિ અને બંધ જગ્યાએ ક્ષમતાના ૫૦ ટકા વ્યક્તિઓ એકત્રિત થઇ શકશે.

ધોરણ ૯ થી પોસ્ટ ગ્રેજયુએટ કોર્સ સુધીના કોચીગ સેન્ટરો–ટયુશન કલાસીસ તેમજ તમામ પ્રકારની સ્પર્ધાત્મક ભરતી અંગેની પરીક્ષાઓ માટેના કોચીગ સેન્ટર પર સ્થળની ક્ષમતાના ૫૦ ટકા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી શકશે. શૈક્ષણિક સંસ્થાઓ માટે શિક્ષણ વિભાગની સૂચનાઓ મુજબ ચાલુ રાખી શકાશે. શાળા, કોલેજ, અન્ય સંસ્થાઓની પ્રવેશ પરીક્ષા, ભરતી, સ્પર્ધાત્મક પરીક્ષાઓ નિયત ગાઈડલાઈન મુજબ યોજી શકાશે.

વાંચનાલયો ૭૫ ટકા ક્ષમતા સાથે ચાલુ રાખી શકાશે. પબ્લિક તેમજ પ્રાઈવેટ બસ ટ્રાન્સપોર્ટ નોન એસી બસ સેવાઓ ૧૦૦ ટકા તેમજ એસી બસ સેવા ૭૫ ટકા પેન્સેજર ક્ષમતા સાથે ચાલુ રહેશે. બસ સેવાઓને રાત્રિ કરફ્યુમાંથી મુક્તિ અપાઈ છે. પ્રેક્ષકોની ઉપસ્થિતિ વિના સ્પોટર્સ કોમ્પ્લેક્ષ, સ્ટેડિયમ, રમત ગમત સંકુલ ચાલુ રાખી શકાશે.

સિનેમા, થિયેટરો, ઓડિટોરીયમ, હોલ, મનોરંજક સ્થળો મહત્તમ ૬૦ ટકા ક્ષમતા સાથે ચાલુ રાખી શકાશે. વોટર પાર્ક અને સ્વિમીંગ પુલ ૭૫ ટકા ક્ષમતા સાથે ચાલુ રાખી શકાશે. સ્પા સેન્ટરો બંધ રહેશે. ઉકત તમામ બાબતોમાં માલિકો, સંચાલકો, કર્મચારીઓ તેમજ કામગીરી સાથે જોડાયેલા લોકોએ વેક્સિનનો પ્રથમ ડોઝ ફરજિયાત રહેશે. કોરોના પોઝિટિવ આવેલા વ્યક્તિઓએ ડિસ્ચાર્જના ૯૦ દિવસ પૂર્ણ થયેથી વેક્સિનનો પ્રથમ ડોઝ લેવાનો રહેશે.

નવરાત્રી દરમિયાન સમગ્ર જિલ્લામાં રાત્રીના ૧૨ કલાક સુધી શેરી, સોસાયટી, ફ્લેટમાં ૪૦૦ વ્યકિતની મર્યાદામાં ગરબાનું આયોજન, દૂર્ગા પૂજા, શરદપૂર્ણિમા, દશેરાની ઉજવણી કરી શકાશે. ગરબા ઉજવણીમાં ભાગ લેનારે વેક્સિનના બે ડોઝ લીધેલા હોવા જોઈએ. પાર્ટી પ્લોટ, કલબ, ખુલ્લી જગ્યાએ કે અન્ય કોઈ પણ જગ્યાએ કોમર્શિયલ રીતે ગરબાના આયોજનને પરવાનગી નથી. ઉકત તમામ બાબતોમાં કોરોનાની સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા નિયમોનું ચુસ્ત પાલન કરવાનું રહેશે.

# સંજેલી ગામે ફુટવેની દુકાનમાં શોટસર્કિટને લઈ સામાન બળીને ખાખ થઈ ગયો


તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

દાહોદ,
દાહોદ જિલ્લાના સંજેલી ખાતે એક ફુટવેરની દુકાનમાં મોડીરાત્રી શોર્ટ સર્કિટના કારણે લાગેલ આગમાં દુકાનનો સંપુર્ણ સામાન બળીને ખાખ થઈ ગયો હતો. આગની ઘટનાની જાણ ફાયર બ્રિગેડના લાશ્કરોને કરાતાં ફાયર ફાઈટરો પાણીના બંબા સાથે ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. પાણીનો ભારે મારો ચલાવી આગને ભારે જહેમત બાદ કાબુમાં લેવામાં આવી હતી. આ આગમાં લાખ્ખોનું નુંકસાન થયું હોવાનું જાણવા મળી રહ્યું છે.

મળતી માહિતી અનુસાર સંજેલી નગરમાં આવેલી એક ફૂટવેરની દુકાનમાં ગત મોડીરાતે શોર્ટ સર્કિટના કારણે આગ લાગી જવા પામી હતી. આ આ બનાવને પગલે દુકાન માલિક તેમજ આસપાસના લોકો તાબડતોડ ઘટનાસ્થળે દોડી આવ્યાં હતાં. આગે જોતજોતામાં વિકરાળ રૂપ ધારણ કરતા આસપાસના સ્થાનિકોએ ઝાલોદ ફાઈટર ને બનાવની જાણ કરતા ઝાલોદ અગ્નિશામક દળના લશ્કરોએ ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. આગના બનાવને પગલે દુકાનનો સામાન આગમાં બળીને ભસ્મીભૂત થઇ જતા દુકાન માલિકને લાખો રૂપિયાનું નુકસાન પહોંચ્યું હોવાનું શકયતાઓ જોવાઈ રહી છે ત્યારે આ બનાવમાં સદ્ભાગ્યે કોઈ જાનહાનિ કે ઈજા ન પહોંચતા હાશકારો અનુભવ્યો હતો. મોડી રાત્રીના સમયે લાગેલ આગને પગલે વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી.

# દાહોદ જીલ્લામાં શાકભાજીના ભાવોમાં વધારો થતા ગૃહિણીઓનું બજેટ ખોરવાયું

દાહોદ,
દાહોદ જીલ્લામાં લીંબડી સહિત એક તાલુકા છોડી તમામ શાકભાજીની નિકાસ રાજયના મોટા શહેરો જેવા વડોદરા, ન ડીયાદ, અમદાવાદ, રાજકોટ જેવા શાકમાર્કેટમાં આ પંથકની શાકભાજી જાય છે. સ્થાનિક બજારમાં મોકલીને પછી અન્ય શહેરોમાં ખેડુતો મોકલતા હોય છે. જેથી વધારેલા ભાવ દેખવા મળતા ન હતા. પરંતુ પેટ્રોલ–ડીઝલના ભાવોમાં સેન્ચુરી એટલે ડબલ સેન્ચુરીમાં પહોંચી જતા હવે તો પંથકના તાલુકાઓના મુખ્ય શહેરોમાં શાકભાજીના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. જેથી શું ખાવું ? ન ખાવું એ તમામને મુશ્કેલ બન્યું છે.

રાંધણ ગેસમાં ૪૦૦ ટકાનો વધારો ખાદ્ય તેલમાં ડબલ ભડકો હવે શાકભાજી પણ મોંઘી થતા ગરીબ તેમજ મધ્યમવર્ગને ડબલ એન્જીનવાળી સરકારે ડબલ માર સેહવાની સ્થિતીમાં મૂકી દીધા છે. છેલ્લા સપ્તાહમાં દેખવામાં આવે તો ડુંગળીને ગરીબોની કસ્તુરી તરીકે ઓળખાતી તે હવે ગરીબોની કસ્તુરી રહી જ નથી. તે રૂપીયા ૨૦– ૨૫ હતા. તે વધીને ૬૦ થી ૮૦ થયા છે. જ્યારે બટાકા રૂપીયા ૨૫ થી ૫૦ પહોંચ્યા છે. તેમજ કોથમીરમાં ૩૦ થી વધીને ૧૧૦ રૂપીયા, ગવાર ૫૦ થી ૮૦, ભીંડા ૨૦ થી ૫૦, ટામેટા ૪૦ થી ૮૦ રૂપીયામાં મળી રહ્યા છે.

જીવન જરૂરીયાની વસ્તુઓમાં ધરખમ ભાવ વધારો હવે તો ગૃહિણીઓને રસોડાનું બજેટ પતિશ્રીઓને સોંપી દીધું છે. તેવું કહેવું ખોટું નથી. કારણ કે, રસોડામાં ઉપયોગમાં લેવાતો શાકભાજીના ભાવોમાં ગગનચૂંબી ભાવ વધારો થતા ગૃહિણીઓમાં ચિંતા વધારી છે. આ ભાવ વધારાનું બજેટ હવે તો અમારા થી સંભાળી શકાય તેમ નથી. બીજી તરફ કઠોળોમાં પણ ભાવ વધારો જોવા મળી રહ્યો છે. તમામ વસ્તુઓ ઓછી વત્તી તો લાવી પડે છે. કઈ કઈ વસ્તુમાં કાપ મૂકવો તે સમજ પડતી નથી. આખા રસોડાનું બજેટ ગૃહિણીની સાથે સાથે પતિઓ પણ ચિંતામાં મુકાય ગયા છે. આગળ તહેવારો આવી રહ્યા છે. તેની ડબલ એન્જીનવાળી સરકારોની ચિંતા કેમ નથી. તેવું ગૃહીણીઓ પૂછે છે.

## ભાજપાનું જોઈને કોંગ્રેસનો દલિત પ્રેમ છલકાયો!

# દાહોદ શહેર કોંગ્રેસમાં ડખો ઉભો થતા પ્રમુખ સાથે કાર્યકારી પ્રમુખ નિમવા પડયા

દાહોદ,
દાહોદ શહેર અને તાલુકા કોંગ્રેસ સમિતિની છેલ્લા ઘણા સમયથી લટકેલી નિમણુંકોમાં શહેર પ્રમુખ, કાર્યકારી શહેર પ્રમુખ અને તાલુકા પ્રમુખની નિમણુંક કરવામાં આવી છે. જાણવા મળ્યાં અનુસાર, શહેર કોંગ્રેસમાં અસંતોષ ઉભા થવાના કારણે કાર્યકારી પ્રમુખ બનાવવા પડ્યાં હોવાની છડેચોક ચર્ચાઈ રહ્યું છે. ત્યારે તાલુકા પ્રમુખની નિમણુંક મા પણ કોંગ્રેસની પરંપરા પ્રમાણે પરિવારવાને જ પ્રોત્સાહન અપાયુ હો.

દાહોદ શહેર કોંગ્રેસના પ્રમુખ તરીકે ઈશ્વરભાઈ પરમાર, કાર્યકારી પ્રમુખ તરીકે આશીફભાઈ સૈયદ અને તાલુકા કોંગ્રેસ પ્રમુખ તરીકે સુરેન્દ્રસિંહ બાકલીયાની નિમણુંક કરવામાં આવી હતી. છેલ્લા ઘણા સમયથી લટકેલી પડેલી નિમણુંકો વેળાએ કોંગ્રેસમાં ડખો થવાને કારણે શહેરમા કાર્યકારી પ્રમુખની નિમણુંક કરવી પડી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. શહેર ભાજપમાં દલિત સમાજને નોંધપાત્ર મહત્વ આપી અગ્રીમતા આપી અતિ મહત્વના હોદ્દાઓ આપ્યાં હોવાથી કોંગ્રેસે પણ દલિત સમાજમાંથી પસંદગી કરવી પડી હોવાનુ લાગી રહ્યુ છે.કારણ કે ભુતકાળમાં પણ આ દલિત સમાજને કોંગ્રેસે અન્યાયજ કર્યો હતો. એક સમયે દાહોદમાંથી એક અગ્રણીને જિલ્લાના કોંગ્રેસમાંથી પ્રમુખ બનાવવાના હતાં જે તે સમયે આ અગ્રણીને હારતોરા પણ થઈ ગયાં, પૈડા પણ વહેંચાઈગયાં હતાં અને અંત સમયે નામ અન્ય વ્યકિતનું જાહેર કરવામાં આવ્યુ હતુ.ત્યારે કોંગ્રેસના કાર્યકર્તાઓમાં પણ ભારે નારાજગી વ્યાપી જવા પામી હતી. આમ, જે તે સમયે ઘણા એવા અગ્રણીઓ અને યુવા કાર્યકરો સાથે કોંગ્રેસ દ્વારા વ્હાલા દવલાની નિતી અપનાવવામા આવી હતી.ત્યારે આજરોજ દાહોદ શહેરમાં બે પ્રમુખ બનાવવાની કોંગ્રેસ સમિતિને ફરજ પડતાં અનેક ચર્ચાઓએ જોર પકડ્યું હતું.દાહોદ તાલુકામા સ્થાનિક સ્વરાજયની ચુંટણી મા કોંગ્રેસનુ ધોવાણ થઈ ગયુ છે. તેમ છતાં તાલુકા કોંગ્રેસ ના પ્રમુખની નિમણુંક મામલે પણ કાર્યકરોમા આશ્ચર્ય ની લાગણી ફેલાયેલી હોવાનુ જાણવા મળયુ છે.

# ઝાલોદના ચાકલીયા ગામે પોલીસે રેઈડ કરી ૮૩ હજારનો દારૂ ઝડપ્યો

ઝાલોદ,
દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ચાકલીયા ગામે પોલીસ એક રહેણાંક મકાનમાં ઓચિંતી પ્રોહી રેડ કરતાં એક મહિલાને ઝડપી પાડી જ્યારે એક ઈસમ નાસી જવામાં સફળ રહેતાં પોલીસે મકાનની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ તથા બીયરનો કુલ રૂા.૮૩,૫૦૦નો પ્રોહી જથ્થો ઝડપી પાડી આગળની તપાસ હાથ ધરી છે.

ઝાલોદ તાલુકાના ચાકલીયા ગામે બોરસદ ફળિયામાં રહેતાં મલીબેન મનુસુખભાઈ મુનીયાના રહેણાંક મકાનમાં પોલીસે ગત તા.૧૨મી ઓક્ટોમ્બરના રોજ ઓચિંતી પ્રોહી રેડ કરી હતી. રેડ દરમ્યાન પાલીસે મલીબેનની અટકાયત કરી હતી જ્યારે નરેશભાઈ મનસુખભાઈ મુનીયા પોલીસને જોઈ નાસી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે મકાનની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ અને બીયરની બોટલો નંગ. ૯૪૬ કિંમત રૂા. ૮૩,૫૦૦નો પ્રોહી જથ્થો કબજે કરી ઉપરોક્ત મહિલા સહિત બે જણા વિરૂધ્ધ ચાકલીયા પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલીના હીરોલા ખાતે નળ સે જળ યોજનાનું ખાતમૂહુત કરવામાં આવ્યું. ગુજરાત વિધાનસભાના દંડક રમેશ કટારાએ ખાતમૂહુત કર્યું હતું.

# લીમખેડાના પાલ્લી ગામે જીપથી ટકકરે બાઈક સવાર બે વ્યકિત પૈકી ૩૦ વર્ષીય યુવકનું મોત

લીમખેડા,
લીમખેડા તાલુકાના પાલ્લી ગામે ગઈકાલે સાંજે તુફાન જીપ ગાડીની ટક્કરે બાઈક ઉપર સવાર બે પિતરાઈ ભાઈઓને ગંભીર ઈજા થવા પામી હતી. જે પૈકીના એક ૩૦ વર્ષીય યુવક્નુ ગંભીર ઈજા થવાના પગલે લીમખેડામાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે વડોદરા લઈ જવાતાં રસ્તામાં કરૂણ મોત નિપજ્યું હતું.

લીમખેડા તાલુકાના નાની બાંડીબાર ગામના વેડ ફળિયામાં રહેતા અલ્કેશભાઈ બાબુભાઈ પટેલ (ઉંમર વર્ષ ૩૦) તથા યોગેશ સુરેશભાઈ પટેલ સહિત બન્ને પિતરાઈ ભાઈઓ પોતાના કબજાની બાઈક લઈને ગઈકાલે સાંજે તેઓની ભાણેજ બીમાર હોવાથી તેની ખબર અંતર પૂછવા માટે કાંકરા ગામે જવા માટે નીકળ્યા હતા. તે દરમિયાન રાત્રીના આઠેક વાગ્યાના સુમારે પાલ્લી ગામે એક હોટલ પાસે પહોંચતાં જ સામેથી પુરઝડપે હંકારી આવેલા એક તુફાન જીપ ગાડીના ચાલકે તેમની બાઈકને ટક્કર મારતાં અકસ્માત સર્જાયો હતો. જેને લઈને બંને યુવકો બાઇક સાથે નીચે પટકાતા અલ્કેશ ભાઈ બાબુભાઈ પટેલ (ઉંમર વર્ષ ૩૦) ને માથામાં તથા મોઢાના ભાગે ગંભીર ઈજા થવા પામી હતી. જ્યારે યોગેશભાઈ સુરેશ પટેલ ને માથામાં તેમજ બંને પગ ફ્રેક્ચર થયા હતા. ઉક્ત બંને ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે લીમખેડા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવ્યા હતા. ગંભીર ઈજાના કારણે અલ્પેશભાઈને વધુ સારવાર માટે વડોદરા લઈ જવાતાં રસ્તામાં હાલોલ નજીક પહોંચતા જ કરૂણ મોત નિપજ્યું હતુ. જ્યારે યોગેશભાઈને પણ વધુ સારવાર માટે દાહોદ રીફર કરવામાં આવ્યો છે. આ બનાવ સંદર્ભે નાની બાંડીબાર ગામના બાબુ સના પટેલે નોંધાવેલી ફરિયાદના આધારે લીમખેડા પોલીસે તુફાન જીપ ગાડીના ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ઝાલોદમાં પ્રવેશ માટે ઉમેદવારોએ ઓનલાઈન અરજી કરવી

દાહોદ,
ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ઝાલોદમાં પ્રવેશસત્ર ઓકટોબર–૨૦૨૧ ચોથા રાઉન્ડ અન્વયે સંસ્થા ખાતે ચાલતા જુદા જુદા વ્યવસાયોમાં પ્રવેશ મેળવવા માટે લગતા વળગતા પ્રવેશ વાંચ્છુઓએ ઓનલાઈન ફોર્મ રોજગાર અને તાલીમ નિયામક, ગાંધીનગર ખાતાની વેબસાઈટ https:// www.itiadmission.com પરથી ફોર્મ ભરી તેની પ્રિન્ટઆઉટ સંસ્થા ખાતે જરૂરી આધાર પુરાવા સહ જમા કરવાનું રહેશે. પ્રવેશ ફોર્મ ઓનલાઈન ભરવાની તા. ૨૬/૧૦/૨૦૨૧ સુધી ભરી શકાશે. જેની નોંધ લેવી વધુ માર્ગદર્શન માટે સંસ્થા ખાતેના માર્ગદર્શન કેન્દ્રનો રૂબરૂમાં સંપર્ક કરવા ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્યએ એક યાદીમાં જણાવ્યું છે.

# દાહોદ જિલ્લાના ઉમેદવારો અનુબંધમ પોર્ટલના માધ્યમથી સરળતાથી મેળવી શકે છે રોજગારી

દાહોદ,
મુખ્યમંત્રી દ્વારા "અનુબંધમ" રોજગારલક્ષી પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે. આ પોર્ટલ પર નોંધણી કરાવીને દાહોદ જિલ્લાના યુવાનો સરળતાથી નોકરી મેળવી શકે છે. દાહોદ જિલ્લાના ૯૭ નોકરીદાતાઓએ ઉમેદવારો માટે રોજગારલક્ષી તથા એપ્રેંટિસશીપને લગતી વિવિધ જગ્યાઓ માટે આ પોર્ટલ પર છે.

આ પોર્ટલ પર વિવિધ નોકરીઓમાં પેર્ટન મેકર, સુપરવાઈઝર, સ્ટાફ નર્સ, ડેટા ઓપરેટર, લેબ ટેકનિશયન, બેકઓફિસ આસિસ્ટન્ટ, કોમ્પ્યુટર, મશીન ઓપરેટર, હેલ્થ સેનેટરી ઈન્સ્પેકટર, ફિટર, ઈલેકટ્રિશયન, વાયરમેન જેવી ટેકનિકલ તથા નોન ટેકનિકલ જગ્યાઓ માટે ધો.૧૦પાસ, ૧૨પાસ, આઈ.ટી.આઈ, ડિપ્લોમા, સ્નાતક, અનુસ્નાતક તથા તેના સમકક્ષ અનુભવી, બિન–અનુભવી ઉમેદવારો માટે ઓનલાઈન વેકેન્સી પોસ્ટ કરવામાં આવી છે.

જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પોતાનું જોબ સીકર તરીકે https://anubandham.gujarat.gov.in ની વેબસાઈટ પર ઓનલાઈન નોંધણી કરાવેલા ઉમેદવારોને ગુજરાત રાજ્યની તમામ વેકેન્સી સામે એપ્લાય કરી શકશે. તેમજ ગુજરાતના તમામ જિલ્લાના રોજગારલક્ષી તથા એપ્રેંટિસશીપ ભરતીમેળામાં વિના મૂલ્યે ભાગ લઈ શકશે. જોબ સીકર તરીકે નોંધણી કરવા માટે તેમજ ઓનલાઈન સેવાઓનો લાભ મેળવા અનુબંધમ એપ ડાઉનલોડ કરવાની રહેશે.

તેમજ ઉમેદવારોએ અનુબંધમ પોર્ટલ પર વિના મૂલ્યે નામ નોંધણી કરાવવા માટે પોતાના મોબાઈલ, ઈમેલ–આઈડી, આધારકાર્ડ, તેમજ શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો સાથે નજીકની સરકારી આઈ.ટી.આઈ તેમજ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દાહોદનો સંપર્ક કરવો. આ અંગે વધુ માહિતી માટે ૬૩૫૭૩૯૦૩૯૦ ઉપર કોલ સેન્ટર ખાતે સંપર્ક કરી શકાશે. તેમજ અનુબંધમ પોર્ટલની સેવાનો લાભ લેવા રોજગાર અધિકારી, દાહોદે જણાવ્યું છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.45

